**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 13-02-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---------------------------------------------------------------

## P.M.- રોજગાર મેળો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, તેમની સરકારે ભરતીની પ્રક્રિયા પારદર્શક બનાવી છે અને ભરતીની પ્રક્રિયા નિર્ધારિત સમયમાં પૂરી કરવાની નેમ ધરાવે છે જેથી દરેકને પોતાનું કૌશલ્ય દર્શાવવાની સમાન તક મળી રહે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં 47 સ્થળોએ ગઇકાલે યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્ર સરકારના વિભાગોમાં પસંદગી પામેલા એક લાખથી વધુ યુવાનોને નિમણુંકપત્રો વિડીયો કોન્ફરન્સ દ્વારા આપતા પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યુ હતું.

તેમણે કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં તેમની સરકાર યુવાનોને દેશની વિકાસપ્રક્રિયામાં જોડવા પ્રયાસ કરી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે, ભારત હવે ત્રીજા ક્રમની સ્ટાર્ટઅપ વ્યવસ્થા ધરાવે છે. દેશમાં આશરે સવા લાખ જેટલા સ્ટાર્ટઅપ કાર્યરત છે. અને યુવાનોને તે નવી તકો આપી રહ્યા છે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## P.M.-UAEની મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી યુનાઈટેડ આરબ અમીરાત-યુએઇની બે દિવસીય મુલાકાતે જશે. મુલાકાત દરમિયાન, શ્રી મોદી UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. બંને નેતાઓ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ, વિસ્તૃત અને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરશે. છેલ્લા આઠ મહિનામાં શ્રી મોદી અને UAEના રાષ્ટ્રપતિ વચ્ચેની આ પાંચમી મુલાકાત હશે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ-દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતિ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 19મી સદીમાં દેશમાં સામાજીક ન્યાય અને આધુનિકતાનો માર્ગ દર્શાવ્યો હતો. તેમણે શિક્ષણ અને મહિલાઓના સશક્તિકરણ માટે કરેલા પ્રયાસોના પરિણામે મહિલાઓ આજે ઝડપથી વિકાસના પંથે આગળ વધી શકી છે. મોરબી જીલ્લાના ટંકારા ખાતે આર્યસમાજના સ્થાપક

મહર્ષિ દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતિની ઉજવણી કાર્યક્રમમાં તેઓ બોલી રહ્યા હતા.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## <u>બિહારમાં નીતિશકુમારે વિશ્વાસનો મત જીત્યો</u>

બિહારમાં નીતિશ કુમાર સરકારે ગઇકાલે રાજ્ય વિધાનસભામાં વિશ્વાસનો મત જીતી લીધો છે. 243 સભ્યોના ગૃહમાં 129 સભ્યોએ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું. વિપક્ષ આરજેડી, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ મતદાન પ્રક્રિયાનો બહિષ્કાર કર્યો હતો. વિરોધ પક્ષોની ગેરહાજરી વચ્ચે, નીતિશ સરકારની તરફેણમાં દરખાસ્તને બહાલી અપાઇ હતી. નાયબ અધ્યક્ષ મહેશ્વર હઝારીએ ગૃહની કાર્યવાહીનું સંચાલન કર્યું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## <u>અંજારના પાંતિયામાં સોલાર રૂફટોપની કામગીરી</u>

સરકાર દ્વારા હાલમાં સોલાર રૂફટોપ યોજના ઘરોઘર પહોંચે તે માટે પ્રયાસો કરાઇ રહ્યા છે ત્યારે અંજારમાં 28,600 સોલાર રૂફટોપ લગાવવાનો લક્ષ્યાંક રખાયો છે.

જેને પૂર્ણ કરવા સતત કામગીરી કરાઇ રહી છે. હાલ અંજારના પંતિયા ગામમાં ગ્રામજનોને સોલાર પેનલ લગાડવાથી થતા ફાયદાઓ વિશે અવગત કર્યા પછી સામે આવેલી અમુક સમસ્યાઓનું નિવારણ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે, આ વહીવટી પ્રક્રિયા પછી પાંતિયા કચ્છનું પ્રથમ સૌર ઉર્જા આધારિત ગામ બની શકે તેમ છે.

**N.P. કલ્પના શાહ**

---

## રેડિયો દિવસ

13 ફેબ્રુઆરીને સમગ્ર વિશ્વમાં વિશ્વ રેડિયો દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રેડિયો દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા, જાહેર ચર્ચા અને શિક્ષણના પ્રસારમાં રેડિયોના મહત્વને સમજાવવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે.

વર્ષ 2011માં યુનેસ્કોના સભ્યદેશો દ્વારા આ વિશ્વ રેડિયો દિવસ જાહેર કરવામાં આવ્યો ત્યાર પછી યુનેસ્કોએ 13 ફેબ્રુઆરી વર્ષ 2012ના દિવસને વિશ્વ રેડિયો દિવસ તરીકે પ્રથમ વખત ઉજવ્યો હતો.

**RNU અમદાવાદ**

---

## નેત્રા પ્રા.કુ. શાળાના બાળકોએ વિધાનસભાની મુલાકાત

બાળકોમાં લોકતાંત્રિક પ્રક્રિયા અને કાર્ય પ્રણાલી વિશે માહિતી વિકસાવવાના હેતુથી વિધાનસભાની શૈક્ષણિક મુલાકાતે ગયેલા નખત્રાણા તા.ના નેત્રા ગામની પ્રાથમિક કુમાર ગ્રુપ શાળાનાં બાળકોએ વિધાનસભાની મુલાકાત લીધી હતી અને ડો. કુબેર ડિંડોર સાથે વાર્તાલાપ કર્યો હતો. હાલ અંદાજપત્ર સત્ર ચાલી રહ્યું છે. ત્યારે બાળકો વિધાનસભા ગૃહમાં બેસીને કાર્યવાહી નિહાળી હતી. ત્યાર બાદ રાજ્યના શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડિંડોર સાથે મુલાકાત કરી હતી. શિક્ષણ મંત્રીએ બાળકો સાથે ચર્ચા કરીને બાળકોને પ્રોત્સાહન પૂરું પાડયું હતું તેમજ બાળકોને શિષ્યવૃત્તિ મળે છે કે કેમ ? તેમજ શાળામાં સ્માર્ટ કલાસ અને કોમ્પ્યુટર છે કે નહીં એ અંગેની માહિતી પણ જાણી હતી.

**N.P. કલ્પના શાહ**

---

## કચ્છ યુનિ.-પદવીદાન સમારોહ

કચ્છ યુનિવર્સિટી દ્વારા આગામી 19 ફેબ્રુઆરીના 13 મો પદવીદાન સમારોહ યોજવામાં આવશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજ ખાતે યોજાનારા સમારોહમાં નિવૃત આઈએએસ અધિકારી અને લેખક વસંત એસ. ગઢવી પણ ઉપસ્થિત રહેશે.

**N.P. કલ્પના શાહ**

---